માનનીય અધ્યક્ષશ્રી,

જીણાવારી ડેમ આજથી 26 વર્ષ પહેલા મંજૂર થયેલ છે.

પરંતુ માનનીય અધ્યક્ષશ્રી,

ત્યારબાદ કેટલાય મુખ્યમંત્રીશ્રી , કેટલાય મંત્રીશ્રી ઓ બદલ્યા પરંતુ મારા વિસ્તારના આ ચાર થી પાંચ ગામના ખેડૂતોનો પ્રાણ પ્રશ્ન હજુ સુધી ઉકેલાયો નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

આપણે બજેટમાં લિવિંગ વેલ ની વાતો કરીએ છીએ ત્યારે મારા વિસ્તાર ના ખેડૂતોને ફાયદો કરાવતી આ યોજનામાં 26 વર્ષમાં કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

ઘણા પ્રોજેક્ટ જેમ કે હાઇવે બનાવવા કે અન્ય કોઈ ઔધોગિક એકમો માટે ખેડૂતોની સહમતી ના હોય ત્યાં પણ સરકારશ્રી દ્વારા જમીન સંપાદન કરીને જે-તે પ્રોજેક્ટ ને જમીન આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી,

આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છુ કે આજ ગામની સરકારી ખરાબા અને ગૌચરની જમીન ગ્રામજનોની સહમતી લીધા સિવાય સરકારશ્રીએ સંપાદન કરેલ છે અને કંપની દ્વારા બળજબરી પૂર્વક વિન્ડફાર્મના પોલ ઉભા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી ને પૂછવા માંગુ છું કે

(1) ડૂબાણ માં જતાં ખેડૂતો જો સહમતી ન આપે તો આગળ શું કાર્યવાહી થઈ શકે ?

(2)જમીન સંપાદન કરી અને આ ડેમ બનાવવા માંગો છો કે કેમ ?